# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર માં રાજ્યકક્ષાનો ‘કિસાન સન્માન સમારોહ’ યોજાશે.**
2. **વિકસિત ગુજરાતના નિર્માણ માટે મુખ્યમંત્રીએ નાગરિકોને વરસાદી પાણીના સંગ્રહ સાથે પર્યાવરણની જાળવણી કરવા અપીલ કરી.**
3. **સુરેન્દ્રનગરના સાયલા-લિંબડી વચ્ચે મિની બસ અને ડમ્પર વચ્ચેના અકસ્માતમાં મૃત્યુઆંક 6 થયો.**
4. **સોમનાથમાં મહાશિવરાત્રિની ઉજવણી નિમિત્તે આજથી સોમનાથ મહોત્સવનો પ્રારંભ.**
5. **દીવના વિદ્યાર્થીઓએ ગોવામાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં ત્રણ સુવર્ણ સહિત સાત ચંદ્રક જીત્યા.**

--------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KISAN SANMAN NIDHI HAPTO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના ભાગલપુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ ( PM-KISAN) યોજનાનો 19મો હપ્તો જાહેર કરશે. આ યોજના અંતર્ગત જમીનધારક ખેડૂતોને ત્રણ સમાન હપ્તામાં વાર્ષિક છ હજાર રૂપિયા આપવામાં આવે છે.

દરમિયાન ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો 'કિસાન સન્માન સમારોહ ' યોજાશે. તેમાં રાજ્યના 51 લાખ 41 હજારથી વધુ ખેડૂત પરિવારને એક હજાર 148 કરોડ રૂપિયાથી વધુની સહાય મળશે એમ કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

આ તરફ નવસારીમાં યોજાનારા કિસાન સન્માન સમારોહમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત શ્રી પાટીલ નવસારીમાં 29 જેટલી આંગણવાડીનું પણ લોકાર્પણ કરશે.

આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

## (વૉઈસકાસ્ટ- અશોક પટેલ)

# CM SABARMATI SAMVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ગુજરાતના નિર્માણ માટે વરસાદી પાણીના સંગ્રહ સાથે એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણને સહજ સ્વભાવ બનાવવા નાગરિકોને અપીલ કરી છે.

અમદાવાદમાં ગઈકાલે પાંચજન્ય આયોજિત સાબરમતી સંવાદમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. શ્રી પટેલે ઉમેર્યું , "સાબરમતી રિવરફ્રન્ટ, નર્મદાના પાણીનું વિતરણ નેટવર્ક , રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને 24 કલાક વીજળીથી ગુજરાત દેશના વિકાસનું આદર્શ રાજ્ય બન્યું છે."

શ્રી પટેલે ભારતમાં સેમિ-કન્ડક્ટરની પહેલી ચીપ ગુજરાતમાં બનશે તેમ પણ ઉમેર્યું હતું.

## (બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# CII- HARSH SANGHVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે , રાજ્યની અર્થવ્યવસ્થાને ગતિ આપવામાં કાપડ ક્ષેત્રમાં વધતા રોકાણની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. શ્રી સંઘવીએ ગઇકાલે સુરત ખાતે કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ એટલે કે CIIની દક્ષિણ ગુજરાત ઝોનલ વાર્ષિક બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે છેલ્લા ૧૨૫ વર્ષથી ભારતના વિકાસને આકાર આપવામાં કાર્યરત CIIને ગુજરાતમાં રોકાણ લાવવા માટે સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કર્યો હતો.

# RAVNEET SINH BITTU

ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુએ ગઈકાલે અમદાવાદમાં પશ્ચિમી ક્ષેત્રમાં બનાવેલ માલસામાન પરિવહન માર્ગ ફ્રેટ કોરિડોરના કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લીધી, અને કામગીરીની સમીક્ષા કરી.

1500 કિલોમીટર જેટલો લાંબો આ ફ્રેટ કોરિડોર ઉત્તર પ્રદેશના દાદરીને મહારાષ્ટ્રના નવી મુંબઈના જવાહરલાલ નહેરૂ બંદર સાથે જોડે છે.

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગરના સાયલા લિંબડી વચ્ચે ડમ્પર અને મિનિ બસ વચ્ચેના અકસ્માતમાં મૃત્યુઆંક 6 થયો છે. મળતી માહિતી મુજબ , સાયલા તાલુકા નજીક મોરવાડ ગામ પાસે ડમ્પર અને મિનિ બસ વચ્ચે સંર્જાયેલા આ અકસ્માતમાં મિનિ બસમાં સવાર એક પરિવારના પાંચ લોકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિનું સુરેન્દ્રનગરમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ત્રણ ઈજાગ્રસ્તોની સારવાર હજી ચાલી રહી છે.

આ અંગે સુરેન્દ્રનગર લિંબડી ડિવિઝનના ડી.વાય.એસ.પી. અધિક્ષક વિશાલ રબારીએ વધુ માહિતી આપી.

(બાઈટઃ વિશાલ રબારી, ડી.વાય.એસ.પી., લિંબડી ડિવિઝન, સુરેન્દ્રનગર)

આ તરફ અમરેલીમાં બાઈક અને ભારે વાહન વચ્ચે અકસ્માત સર્જાતા પિતા – પુત્રીનું મોત નિપજ્યું છે. અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે, બાબરા

તાલુકાના જામબરવાળા નજીક ગલકોટડી ખાખરીયા ગામની ચોકડી પાસે આ અકસ્માત સર્જાયો હતો. બંને મૃતક પિતા-પુત્રીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બાબરા સિવિલ હૉસ્પિટલમાં લઈ જવા તજવીજ હાથ ધરાઈ છે.

# ANAND ROGCHARO

આણંદમાં પેટલાદ તાલુકાના ધર્મજ ગામમાં કમળાના વધુ 20 કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા 72 થઈ છે. હાલ 19 દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. દૂષિત પાણી અને ખોરાકના કારણે કમળાનો રોગ વકરતાં આરોગ્ય વિભાગની 18 ટુકડી કાર્યરત્ કરી છે.

જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ ગઈકાલે ગામની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. અમારા પ્રતિનિધિ જણાવે છે કે 23 સ્થળેથી પાણીના નમૂના લઈને તપાસ કરાઈ છે.

# AMRELI LOKARPNA

અમરેલીના સાવરકુંડલા -લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાએ વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ વિકાસ કામોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કર્યું. પીઠવડી-ધાર-કેરાળા રસ્તા પર 80 લાખ રૂપિયાના ખર્ચે પ્રોટેક્શન વોલ અને વેન્ટીલેટેડ કોઝ-વેના કામનું ભૂમિપૂજન કર્યું છે. આ સાથે, પીઠવડી ગામમાં 10 લાખ રૂપિયાના ખર્ચે કમ્યુનિટી હોલનું નિર્માણ કરાશે.

મોટા જીંજુડા-ફાસરીયા-ધાર ગામે 51 લાખ રૂપિયા ના ખર્ચે નવી ગ્રામ પંચાયત અને ગ્રામ સચિવાલયનું નિર્માણ કરાશે. ઉપરાંત, ફાસરીયા ગામમાં 1 કરોડ 50 લાખ રૂપિયાના ખર્ચે પીવાના પાણી માટે એક મહત્વની યોજના - પાણીનો સંગ્રહ, ચેકડેમનું પણ લોકાર્પણ કરાયું છે.

# SOMNATH MAHASHIVRATRI

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે આજથી સોમનાથ મહોત્સવનો પ્રારંભ થશે. સમુદ્ર દર્શન વોક વે પર 26 મી ફેબ્રુઆરી સુધી આ કાર્યક્રમ યોજાશે. શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ આ મુજબ જણાવ્યું કે, મહાશિવરાત્રિ નિમિત્તે બુધવારે મંદિર સવારે 4 વાગ્યાથી 42 કલાક સુધી ખુલ્લુ રહેશે.

**(બાઈટઃ વિજયસિંહ ચાવડા, જનરલ મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ)**

દરમિયાન ભક્તો માટે સવારે 8થી 11 અને સાંજે એકથી 5 વાગ્યા સુધી વિશેષ પાત્ર સાથે ગંગાજળ અભિષેકની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# DIU KARATE GOLD MADEL

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વિદ્યાર્થીઓએ ગોવામાં યોજાયેલી નવ-બી આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં ત્રણ સુવર્ણ ચંદ્રક, 2 રજત અને 2 કાંસ્ય સહિત સાત ચંદ્રક જીત્યા છે. રિધમ બાંભણિયા અને દેવર્ષિ ચુડાસમાએ સુવર્ણ ચંદ્રક જીત્યો

હતો. દીવના કલેક્ટર અને ડેપ્યુટી  SPએ તમામ વિજેતાઓને અભિનંદન આપ્યા અને આગળ વધતા રહેવા માટે પ્રોત્સાહિત કર્યા.

# GUJARATI SHIVTANDAV

પોરબંદરના તબીબ આનંદ કારિયાએ  શિવતાંડવ સ્ત્રોતને સૂરબદ્ધ કરી ગુજરાતી ભાષામાં રજૂ કર્યું છે.સામાન્ય લોકોને શિવતાંડવનો મર્મ સમજાય તે હેતુથી આ સ્ત્રોત સોશિયલ મીડિયા પર રજૂ કરાયો છે. આ અંગે શ્રી કરિયાએ પોતાનો પ્રતિભાવ આ મુજબ આપ્યો..

**(બાઈટ : આનંદ કારિયા)**